શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપુંક

વર્ષ : ૨૦

અંક : ૧૧

## લોકો મંદિર શા માટે જાય છે?

પ્રાચીનકાળથી આપણી પૂર્વની સંસ્કૃતિનો ઉદયકાલ નદીઓના સંગમ સ્થાન પરથી ઉદભવતો રહયો છે. એટલે જ તો આપણી સંસ્કૃતિમાં જલને પણ દેવતા માનવામાં આવ્યા છે. વિશ્વની દરેક વસાહતોની શરૂઆત, નદીઓના કિનારાઓ પરથી જ થઈ છે. છતાં પણ લોકભોગ્ય દ્રષ્ટિએ જોવા જઈએ તો આપણી સંસ્કૃતિના લોકો પોતાના અસ્તિત્વના ઉજાસને ટકાવવા માટે જે પણ વસ્તુ, વ્યકિત કે સમગ્રતયાએ ભોગ આપ્યો છે. તેમની કૃતજ્ઞતા વ્યકત કરવા માટે દૈવત્વની, બંધુત્વની નિઃસ્વાર્થ ભાવનાવાળા લોકો "પથ્થર તેટલા પૂજે દેવ" ની કહેવતને સાર્થક કરતા થયા છે.

ઈશાવાસ્થમ જગતં સર્વની દ્રષ્ટિએ જોવા જઈએ તો જગતમાં રહેલી દરેક વસ્તુ જે પછી સજીવ હોય કે નિર્જીવ કે જેમાં ઈશ્વરના હોવાપણાના અસ્તિત્વની વાત ઉજાગર કરવામાં આવી છે.

વાસ્તવિક દ્રષ્ટિકોણે જોવા જઈએ તો લોકોના મંદિરે જવાના કારણો જુદા જુદા હોય છે. આજકાલ તો મંદિરોની પરિકલ્પના પણ કોઈ મનોરંજક ફરવા લાયક સ્થળથી વિશેષ નથી.

હકીકતે તો મંદિર એ સંગઠન અને સહિયારી એકતાનું પ્રતિક, સદૈવ આમંત્રિત વિચાર તેમજ મંત્રોકત શિલ્પ છે. મંદિર એ લોકોના પોતાના અસ્તિત્વની વિચાર ધારા છે. ટૂંકમાં મંદિરની પરિકલ્પના લોકોમાં સામાજીક દ્રષ્ટિકોણમાં સમરસતા, અનેકતામાં એકતા અને ઉંચનીચના ભાવથી પર અને સમાજના છેવાડાનો માણસ પણ પોતાનું જીવન દિવ્ય અને ભવ્ય રીતે જીવી શકે તે માટેના ચારીત્રવાન આચાર–વિચારની રીતભાત માટે જ મંદિર એ લોકો માટે સદેવ આમંત્રિત રહયું છે. હકીકતે તો આપણે જયારે મંદિરે જઈએ ત્યારે ભગવાનને કહેવું જોઈએ કે ભગવાન હું તમને મળવા આવ્યો છું, નહિ કે કંઈપણ માંગવા.. કારણકે દિકરાને કંઈ માંગવાનુ હોતુ નથી, પિતાને હંમેશા પોતાના દિકરાની જરૂરિયાતોની જાણ હોય જ છે. અંતમાં એટલુ જ કે બની શકે તો મંદિરે જઈને કહીએ કે ભગવાન હું મજામાં છું, તમને કેમ છે? આવા નિર્દોષ સવાલોથી આપણે મંદિરે બાળક બનીને જઈએ. વસુદ્યૈવ કુટુમ્બકમની સર્વોતમ ભાવનાનો નાદ જગતમાં ઉજાગર કરીએ.

— **પ્રવિણસિંહ સીસોદીયા**

***કોઈ પણ કર્મ કરો, પણ ભગવાન online છે.***

**વર્મીકમ્પોસ્ટની બનાવટ :**

કુવા અથવા વાડીની બાજુમાં પાણીની લભ્યતા, ગરમી અને વરસાદથી રક્ષિત જગ્યાએ ૩ મીટર પહોળો અને પાકના અવશેષોની લભ્યતા તેમજ ખાતરની જરૂરીયાત ધ્યાને લઈ ૧૨ મીટર લંબાઈનો શેડમાં ૨૦ સે.મી. વચ્ચેની જગ્યામાં રેતી ભરી સપાટ કરવું. તેના પર ઘાસ પાકના પાન, શેરડીની પાતરી તેમજ જલ્દી કોહવાઈ ન જાય તેવા પાક જેવા કે,એરંડા, કપાસ, તુવેર, તલ વગેરેની કરાંઠીના નાના નાના ટૂકડા બનાવી મિશ્રણ કરી વચ્ચે છાણની રબડી અને પાણી ઉમેરતા રહી ૧૫ થી ૨૦ સે.મી.નો થર કરી તેની ઉપર અર્ધા કોહવાયેલા છાણ, સ્લરી, મરઘા–બતકાની હગારનો ૧૫ સેમીનો થર કરી જરૂરીયાત મુજબ દશેક દિવસ ભીજવતા રહેવું ત્યારબાદ પ્રતિ લિટરે એટલે કે ૯૦ સેમી પ્રમાણ જાળવી રાખવા પાણીનો છંટકાવ કરતા રહેવું. ભેજનું પ્રમાણ જાળવી રાખવાપાણીનો છંટકાવ કરતા રહેવું ઉનાળામાં ગરમીના દિવસો દરમિયાન પાકના અવશેષોનું આવરણથી બાષ્પિભવનથી ઉડી જતુ પાણી બચાવી શકાય. ટપક પધ્ધતિ અથવા માઈક્રો સ્પ્રિંકલર ગોઠવવાથી વધુ સુગમતા રહે. અળસિયાની કામગીરીમાં ભેજની યોગ્ય માત્ર અને ઉષ્ણતામાન અગત્યનો ભાગ ભજવે છે. આશરે ૪૫ થી ૫૦ દિવસ ઉપરના ભાગમાં એકદમ ભૂખરા રંગના રાઈના દાણા જેવો પાઉડર જોવા મળશે. આવા સમયે દોઢ થી બે માસ બાદ ૪ થી ૫ દિવસ પાણી આપવાનું બંધ કરવું. પરિણામે અળસિયા નીચે જલ્દીથી સડી ન જાય તેવા પાકના અવશેષોમાંથી ઉપરના દાણાદાર પાઉડર હળવા હાથે અલગ કરી પ્લાસ્ટીકના કપડા ઉપર સૂકવી ઢગલો કરો. એકદમ નાના અળસિયા જેને કકુન કહે છે તે અને અળસિયા સાથે આવેલા હશે તો ઢગલામાં નીચે જતા રહેશે. જેને ફરી વખત વર્મી બેડમાં ઉમેરી દેવા ફરી વખત પાકના અવશેષો, સેન્દ્રિય પદાર્થો અને છાણ ઉમેરી પુનરાવર્તન કરતા રહેવું. અળસિયાની સંખ્યા વધતી જશે, ખાતર બનાવવાની ઝડપ પણ વધે છે. આ રીતે બનેલ વર્મિકમ્પોસ્ટ એટલે કે અળસિયાના ખાતરમાં સામાન્ય કમ્પોસ્ટ કરતા નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાસ, ગંધક અને સૂક્ષ્મતત્વનું પ્રમાણ વધુ હોય છે. આ ખાતરમાં જમીનમાં સૂક્ષ્મ જીવાણુંની ગતિશીલતા વધારવામાં મદદરૂપ થાય છે. જમીનમાં રહેલ સેન્દ્રિય પદાર્થોના વિઘટનની કામગીરી ઝડપી બને પાકની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. જમીનની ભૈતિક સ્થિતિમાં સુધારો થતા જમીનની ભેજ શોષક અને ભેજસંગ્રહ શકિતમાં વધારો થાય છે, જમીનનું ઉષ્ણતાપમાન જાળવી રાખવામાં મદદ કરે છે. કચરાનો નિકાલ કરવાથી આરોગ્યને લગતી સમસ્યાઓમાં પણ ઘટાડો થાય છે.

*સંકલન : બિપીન એમ. કુંજડિયા*

*મક્કમ મનનો હંમેશા વિજય થાય છે.*

**જમીનમાં પોષકતત્વોની ઉણપ થવાના કારણો :**

જમીનમાં પોષકતત્વોની ઉણપ થવાના કારણો વિશે જોઈએ તો મુખ્યત્વે ઘનિષ્ઠ ખેતી પધ્ધતિઓના કારણે જુદા જુદા પાકો દ્વારા વિપુલ પ્રમાણમાં પોષક તત્વોનો ઉપાડ થવાની સાથે સાથે જુદા જુદા નિંદામણો દ્વારા પણ ઉપાડ થવાથી, અમૂક પોષકતત્વો વાયુરૂપ ઉડી જવાથી જમીનમાં પોષકતત્વોની ઉણપ વર્તાયેલ છે. આમ ઉપરોક્ત કારણોને લીધે જ પોષકતત્વો જમીનમાંથી ઓછા થયા હોઈ, તેની પૂર્તિ બાહ્ય રીતે સેન્દ્રિય તેમજ રસાયણિક ખાતરો દ્વારા કરવી જોઈએ. અને તો જ પાકની સંતોષકારક વૃદ્ધિ તથા ઉત્પાદન મેળવી શકાય. જમીનનો પોષક તત્વોની લભ્યતાને અસર કરતા પરિબળો વિશે જોઈએ તો,

**૧. જમીનનો અમ્લતા આંક :** જમીનનો અમ્લતા આંક એટલે PH આંક જમીનમાં જ્યારે ક્ષરમુકત પાણી વધુ પ્રમાણમાં રેલાવીને આપવાથી જમીનનો અમ્લતા આંક વધે છે. આવી જમીનને સુધારવા માટે જમીનને ચુનાના દ્રાવણની માવજત આપવામાં આવે છે.

**૨. ઝીણી માટીનું પ્રમાણ :** જમીનમાં જીણી માટી હોવાથી તેમાંથી પોષકતત્વો ઉડી જવાથી અને ધોવાણ થવાથી ઉણપ થાય છે.

**૩. મુકત ચૂનો**

**૪. સેન્દ્રિય તત્વ**

**૫. જમીનનો ભેજ :** જમીનમાં વધુ પડતો ભેજ હોવાથી પણ જમીનની અંદર રહેલા પોષકતત્વો છોડ ઉપાડી શકતો નથી અને ખોરાક હોવા છતાં પણ છોડ તેનો ઉપયોગ કરી શકતો નથી.

**૬. જમીનનું ઉષ્ણતામાન :** રાસાયણિક ખાતરો અને દવાઓના બીન જરૂરી વપરાશના કારણે જમીનનું ઉષ્ણતાપમાન પાકને પ્રતિકુળ નીવડે છે.

**૭. તત્વો સાથે પારસ્પારિક સબંધ :** રાસાયણિક તત્વો પોતાના ગુણધર્મ અનુસાર અન્ય તત્વો સાથે સંયોજાયને નવું સંયોજન બનાવે છે, જે પાકને વૃધ્ધિ માટે નકારાત્મક સાબિત થઈ શકે તેથી સોઈલ ટેસ્ટ રીર્પોટ અનુસાર ખાતર અને દવાઓનો સપ્રમાણ ઉપયોગ કરવો જોઈએ.

જેવા અનેક પરિબળો ઉપર આધાર રાખે છે. ખાસ કરીને સુક્ષ્મતત્વોની ખામી હલકી પ્રતની રેતાળ, ખડકાળ, પથ્થરિયા, ચુનાવાળી તેમજ ઓછા નિતારવાળી ક્ષારિય જમીનનો કે અમ્લતાઆંક ઉંચો હોય તેવી ભાસ્મિક જમીનમાં તેમજ જમીનના ઉપલા પડનું ધોવાણ થયેલ હોય તેવી જમીનમાં વર્તાય છે. જમીન અને છોડમાં આવશ્યક પોષકતત્વોનું પ્રમાણ ન્યુનતમ માત્રાથી ઓછું હોય ત્યારે છોડની વૃદ્ધિ અને વિકાસ પર માઠી અસર થાય છે.

*સંકલન : કિશન વાળા*

***હાસ્ય એ સસ્તામાં સસ્તી દવા છે.***

## સ્ટાફમીંટીગ

તા.૧૨.૧૧.૨૦૧૮ ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને હરીરાજ ચેરીટેબલ ટ્રસ્ટની પ્રવૃતિઓ સાથે સંકળાયેલ કાર્યકરો તેમજ આ બંને સંસ્થાઓ થકી કાર્યરત પ્રાથમિક ઉત્પાદક સંગઠનોના કાર્યકરોની સંયુકત મીટીંગ અમરેલી કાર્યાલય પર મળી હતી. આ મીટીંગમાં નીચે જણાવેલા મુદા પર ચર્ચા કરવામાં આવી હતી.

૧. ગત મીટીંગની કાર્યવાહી નોંધ વંચાણે લીધી હતી જેમાં થયેલ અમલવારી અને બાકી રહેલ કાર્યો પર ચર્ચા કરી પુર્ણ કરવા જવાબદારી સોંપવામાં આવી.

૨. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના પર સ્ટાફની તાલીમ યોજાઈ જેમાં યોજનાની માર્ગદર્શિકા અનુસારની સમજ આપવામાં આવી હતી અને આ યોજનાની સંપુર્ણ જાણકારી ખેડૂતો સુધી પહોંચાડવા યોજવાના ઉપાયો પર ચર્ચા કરી હતી.

૩. ચેઈન ઓફ કસ્ટડીની ગાઈડ લાઈન સમજી હતી. આ ગાઈડ લાઈન મુજબ તમામ ફીલ્ડ ફેસીલીટેટર તથા એગ્રીકલ્ચર પર્સનએ ખેડૂતો સાથે સંવાદ રચવાની કુશળતા પ્રાપ્ત કરી હતી.



**બદલો લેવા કરતાં ક્ષમા હંમેશા સારી છે.**

૪. નિર્ણય પ્રક્રિયા તથા વર્તણુંક બદલવાની પ્રક્રિયા સમજવા એક રમત રમ્યા.

૫. જે કાર્યકરોએ તાલીમ લીધી હોય તથા મીટીંગ કરેલ હોય તો તે તાલીમનો ઉપયોગ કયાં કરશે અને કયારે કરશે તે જણાવ્યું અને તેમના અનુભવો વ્યકત કર્યા હતા. જેમાં એફપીઓ સંચાલન પરની તાલીમ તેમજ નેટવર્ક ઓફ એશીયા એન્ડ પેસીફીક પ્રોડયુસરની જનરલ એસેમ્બલીમાં ભાગ લીધાના અનુભવોનુ આદાન પ્રદાન થયુ.

૫. સંસ્થા દ્વારા ચાલતા પ્રોજેકટ પર મોનીટરીંગની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કાર્યકરોના વર્તનના મુદાઓ અલગ અલગ વાતચીતના ઓડીયો, વીડીયો કલીપીંગ તથા ફોટાઓ અને લખાણો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા.

૬. ઓપન સેશનમાં ઉપરોકત તમામ ટોપીક પર ચર્ચા થઈ જેમાં પીએમએફબીવાય તથા સીઓસી બાબતે ન સમજાઈ હોય તેવી બાબતો ફરી સમજવા પ્રયાસ થયો. રમતથી સમજેલી બાબતો વધુ અસરકારક લાગી તેવો મત રજુ થયો હતો. સ્ટાફ વર્ક મોનીટરીંગ અને વર્તણુકની પણ હકારાત્મક બાબતો ટીમના સભ્યો દ્વારા રજુ થઈ હતી.



**દરેક માનવીએ પોતાની જાતને જ વફાદાર રહેવુ જોઈએ.**

## ઉત્તમ રૂની ગુણવત્તા

### ૧. કપાસમાં વર્ગીકરણ વ્યવસ્થા

કપાસની ગુણવત્તા મુજબ ભાવ મેળવવા માટે યોગ્ય વર્ગીકરણ વ્યવસ્થા ખુબ જ જરૂરી છે. કયારેક જુદી જુદી વીણીનો કપાસ એક સાથે રાખવાથી અલગ અલગ જાતનો કપાસ ભળી જવાથી કે પછી એક ખેડૂતનો સારી ગુણવતાવાળો કપાસ અન્ય ખેડૂતની ઓછી ગુણવતાવાળા કપાસ સાથે મીક્ષ થવાથી સરેરાશ કપાસની ગુણવતા ઘટવા પામે.

**તારની લંબાઈના આધારે કપાસનુ વર્ગીકરણ.**

| વર્ગ | લંબાઈ (મી.મી.) |
|---|---|
| ટુંકી તાર | ઓછી૧૯ મી.મી. અને તેનાથી ઓછી |
| મધ્યમ તાર | ૨૦ મી.મી. થી ૨૧.૫ મી.મી. |
| મધ્યમ લંબ તાર | ૨૨.૦ મી.મી. થી ૨૪.૦ મી.મી. |
| લંબ તાર | ૨૪.૫ મી.મી. થી ૨૬.૫ મી.મી. |
| લંબ –વધુ લંબ તાર | ૨૭.૦ મી.મી. થી ૨૯.૫ મી.મી. |
| વધુ લંબ તાર | ૩૦.૦ મી.મી. થી વધુ |

કપાસની ગુણવતા વિસ્તાર અને તેની જાત મુજબ જુદી–જુદી હોય છે. ગાંસડી તૈયાર થતા પહેલા કપાસની ગુણવતાની ઓળખ ખૂબ જ જરૂરી બની રહે છે.જેથી વેચનાર અને ખરીદનાર વચ્ચે મૂલ્ય નક્કી કરવામાં સરળતા રહે છે.

### ૨. રૂની ગુણવત્તામાં થતી ભેળસેળ

સફેદ સોનામાં ભેળસેળ : ભેળસેળ માટે જવાબદાર વ્યકિત/સ્થળો

૧. ખેડૂત
૨. માર્કેટિંગ યાર્ડ
૩. જીનીંગ અને પ્રોસેસીંગ યુનિટ

રાસાયણિક ખાતરની થેલી દ્વારા કપાસમાં થતી ભેળસેળ : ખેડૂતો સામાન્ય રીતે કપાસની વીણી, ફેરવણી, સંગ્રહ માટે ખાલી થયેલી રાસાયણિક ખાતરની થેલીઓનો ઉપયોગ કરતા હોય છે. આ થેલીઓ સફેદ રંગની હોય છે. થેલીઓમાંથી છુટા પડેલા દોરા કાર્યો દરમિયાન કપાસમાં ભળી જતા હોય છે. આ દોરાઓ સફેદ રંગના હોવાથી તેને કપાસમાંથી માણસો અથવા મશીન દ્વારા અલગ પાડવા ઘણા જ મુશ્કેલ હોય છે. આ દોરાઓ સ્પીનીંગ મીલ્સ માટે માથાના દુખાવા સમાન છે. જેના લીધે તૈયાર થતા તાર ઓછી ગુણવતાવાળા બને છે. જેથી વિદેશમાં માંગ ઓછી રહે છે અથવા ખૂબ જ ઓછા ભાવ મળે છે. વીણી સંગ્રહ, ફેરવણી દરમ્યાનની બેદરકારી દ્વારા કપાસમાં સૂકાયેલા પાન,માટી માથાના વાળ વગેરે ભળે છે. કપાસની વીણી વહેલી સવારે ઝાકળ હોય ત્યારે કરવામાં આવે

છે ત્યારબાદ છાયામાં સૂકવવામાં આવતો નથી.ઘણા ખેડૂતો કપાસમાં વજન વધારવાના લોભે પાણીનો છંટકાવ કરે છે જેના કારણે કપાસમાં પીળાશ આવે છે જેથી કપાસના ભાવ પુરા મળતા નથી.

ઘણી વખત કપાસનો ઢગલો ખુલ્લી જગ્યામાં રાખવામાં આવે છે.જમીન ઉપર કોઈ કંતાન પાથરવામાં આવતુ નથી તેમજ ઢગલાને કોઇ કાપડથી ઢાંકવામા આવતો નથી. કપાસનુ વર્ગીકરણ કરવાનો અભાવ મોટા ભાગે સારી અને નબળી ગુણવતાવાળો કપાસ અલગ રાખવામા આવતો નથી પહેલી અને છેલ્લી વીણીનો કપાસ અલગ રાખવો જોઈએ. વીણી દરમિયાન અર્ધ ખુલેલા જીંડવામાંથી કપાસ લેવામાં આવે છે જે સરેરાશ ગુણવતા ઘટાડે છે. નાના સિમાંત ખેડૂતો હોવાથી સંગ્રહ માટેની યોગ્ય વ્યવસ્થા હોતી નથી.

## ૩. રૂની ગુણવતા જાળવવા માટેની કાળજી:

કપાસની વીણી સંપૂર્ણ ખુલી ગયેલા જીંડવામાંથી જ કરવી જોઈએ.

કપાસની વીણી વહેલી સવારે અથવા સાંજના સમયે કરવી બપોરના સમયે વીણી કરવાથી કપાસના પાંદડાનો ભૂકો કપાસમાં ભળે છે જેથી કપાસની ગુણવતા ઉપર માઠી અસર પડે છે. છેલ્લી વીણીના કપાસને અન્ય વીણીના કપાસ કરતા અલગ રાખવો જોઈએ. છેલ્લી વીણીનો કપાસ હલકી કક્ષાનો હોય છે.

કપાસમાં કયારેય પાણીની ભેળસેળ કરવી નહિ કપાસમા ઓછામા ઓછા વાળ ભળે તેની કાળજી લેવી આ માટે માથે ટોપી અથવા રૂમાલ બાંધવો હિતાવહ છે.

ઘરની અંદર કપાસ રાખવાની જગ્યાએ કાપડ, કાગળ કે કંતાન પાથરી અને તેમાં કપાસનો ઢગલો કરવો જોઈએ. કપાસને કયારેય ખુલ્લી જમીનમા ઢગલો કરવો જોઈએ નહી કારણ કે તેમાં વધારાનો કચરો ભળવાથી ગુણવતા ઘટશે.

વીણી બાદ કપાસને છાંયામાં સૂકાવા દેવો જોઈએ કપાસને વધુ પડતા સૂર્યતાપમાં રાખવાથી તેમાં પીળાશ પડવાનુ પ્રમાણ વધવાથી ગુણવતા ઘટશે.

વીણી છોડના નીચેના ભાગથી શરૂ કરી ઉપરના ભાગે પુરી કરવી.

રાસાયણિક ખાતરની થેલીઓનો ઉપયોગ યોગ્ય સિલાઈ કર્યા બાદ જ કરવો જેથી કપાસમાં થેલીના દોરા ઓછા ભળે શકય હોય તો વીણી માટે કપાસના કાપડમાંથી બનાવેલી થેલીઓનો ઉપયોગ કરવો.

પીળા કલરના પ્લાસ્ટીકના કોથળાનો ઉપયોગ કરવો જોઈએ.

આમ રૂની ગુણવતા જાળવવા માટેની કાળજી લઈ શકાય.

**સંકલન : મેહુલ વાઘેલા**

*મનુષ્ય કર્મથી મહાન બને છે જન્મથી નહી.*

***Happy Birthday***

| | |
|---|---|
| Rajesh Rathod | 01.12.1992 |
| Ajay Jadav | 01.12.1998 |
| Satish K.Dafada | 15.12.1977 |
| Limbabhai Rathod | 16.12.1996 |
| Bhavika Solanki | 19.12.1989 |
| Nilesh zala | 26.12.1997 |
| Narendra ponkiya | 28.12.1988 |

**In this month**

| | |
|---|---|
| 12 | Staff meeting |
| 20 | Bod meeting of Gir farm producer company at Dhari |
| 18-19 | Producer Delegation Exposure Visit- Dubai |
| 26-30 | Advanced Programme in FPO Management at Vadodara |

**ફીલ્ડ વર્ક તથા પ્લેસમેંટ**

કુ. આન્યા બિનોઈભાઈ ગારડી ગ્રામ વિદ્યા મહાવિદ્યાલય – શારદાગ્રામના બેચલર ઓફ રૂરલ સ્ટડીઝના નીચે મુજબના ત્રણ વિદ્યાર્થીઓ કેન્દ્ર નિવાસ માટે એસએસકેકેના પ્રોજેક્ટ કાર્ય વિસ્તારમાં પોતાના અભ્યાસક્રમના ભાગ રૂપે ક્ષેત્રીય કાર્ય માટે તા.૨૧/૧૧/૨૦૧૮ થી ૮/૧૨/૨૦૧૮ સુધી ધોકડવા ફીલ્ડ માટે નિમણુક આપવામાં આવી હતી.

૧. સાગર કાનાભાઈ ઘોડાદરા
૨. વિરેન્દ્ર હમીરભાઈ ઘુંસર
૩. નવદીપ રાજાભાઈ સોલંકી

શિક્ષક : FOX નું બહુવચન શું થાય?
વિદ્યાર્થી : "Winter"
શિક્ષક : મુર્ખ.. FOX એટલે શિયાળ....
વિધાથી : અરે મેડમ 'Winter' એટલે શિયાળો...

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***જ્યાં સંઘર્ષ નથી, ત્યાં કોઈ પ્રગતિ થતી નથી.***